# નાયબ નિયામક(વિકસતિ જાતિ) ની કચેરી
## સી-બ્લોક, બીજો માળ, નર્મદા ભવન, જેલ રોડ, વડોદરા

ફોન નં.-૦૨૬૫-૨૪૨૬૬૨૨ E-MAIL:- swo-ddo-vad@gujarat.gov.in

---

નં.જિનાનિ/વિ.જા./આર્થિક પછાત પો.મે.પરીપત્ર/**૧૫૦૫૧૫૧૧** તારીખ : ૨૬-૦૨-૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

**(ફક્ત ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી કોલેજો માટેજ) _ વડોદરા**

વિષય : ભારત સરકારશ્રીની EBCના પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તીના વિદ્યાર્થીઓની દરખાસ્ત મોકલવા બાબત. **(ફક્ત ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી કોલેજો માટેજ)**

સંદર્ભ : જિ.ના.નિ./વિ.જા./પો.મે.યો./૧૭-૧૮/૩૬૬૫ થી ૩૮૨૭, તા.૧૬-૧૨-૨૦૧૭
જિ.ના.નિ./વિ.જા./પો.મે.યો./૧૭-૧૮/૩૬૬૫ થી ૩૬૬૪, તા.૧૬-૧૨-૨૦૧૭

શ્રીમાન,

ઉપરોક્ત વિષય સંદર્ભ દર્શિત પરીપત્ર અન્વયે ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ થી ભારત સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તી બી.સી.કે. ૮૧-એ યોજના હેઠળ આર્થિક રીતે પછાત વર્ગના ફક્ત ગ્રાન્ટ ઇન એઇડ અને સરકારી કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ( કુમાર+કન્યા) ને શિષ્યવૃત્તી આપવાનું ઠરાવેલ છે. જે માટેની લાગુ પડતી કોલેજોએ સદરહુ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તીની દરખાસ્ત ઓફ લાઇન તૈયાર કરીને અત્રેની કચેરીને મોકલવાની થાય છે.

આપની સંસ્થાની નિલ માહિતી હોય તે પણ મોકલી આપવા વિનંતી.

જે માટે નિચેની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) તમામ અભ્યાસક્રમોમાં સરકારી કોલેજોમાં ઠરાવેલ પરીક્ષા ફી અને શિક્ષણ ફી મુજબનુ ચુકવણું ગ્રુપવાર અભ્યાસક્રમો મુજબ ફી તેમજ નિભાવ ભથ્થુ ચુકવવામાં આવશે.

(૨) આ શિષ્યવૃત્તી માટે વિદ્યાર્થીના વાલીની ગત વર્ષ ૨૦૧૬-૧૭ ની આવક રૂા ૧.૦૦ લાખ સુધીની હોય તેજ વિદ્યાથીઓજ આ યોજનામાં અરજી કરી શકશે.

(૩) આ સાથે બિડાણ કરેલ ૧૬ કોલમના પત્રકમાં વિદ્યાર્થીઓની વિગતો અંગ્રેજીમાં એક્સેલ વર્કશીટમાં તૈયાર કરી, સોફ્ટ કોપી તેમજ હાર્ડ કોપી રજુ કરવાની રહેશે.

(૪) આ શિષ્યવૃત્તી મેળવવા માટે જેતે સંસ્થાઓએ તેમની સંખ્યા મુજબ અત્રેની કચેરીએથી પોસ્ટ મેટ્રીકના ફ્રેશ ફોર્મ મેળવી વિદ્યાર્થીઓ પાસેથી ભરાવવાના રહેશે. તે ફોર્મ સાથે નિચે જણાંવ્યા મુજબની ક્રમ નં. ૧ થી ૬ ની વિગતો બિડાણ કરવાના રહેશે.

(૫) જે વિદ્યાથીઓ એસ.સી./એસ.ટી. કે એસ.ઇ.બી.સી. કેટેગરીમાં આવતા ન હોય તેવા વિદ્યાથીઓ જ આ શિષ્યવૃત્તીના ફોર્મ ભરવાના રહેશે.

(૬) એ.ટી.કે.ટી. વાળા વિદ્યાર્થીઓનો દરખાસ્તમાં સમાવેશ કરવો નહી.

## બીસીકે-૮૧-એ ભારત સરકારની EBCના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ

| ક્રમ | જાતિ | કુમાર/કન્યા | સરકારી ફી મુજબ (વાર્ષિક) | | | | ધોરણ | નિભાવ ભથ્થાના દર | | વાર્ષિક આવક મર્યાદા | શૈક્ષણિક સંસ્થાઓની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | શિક્ષણ ફી | પરીક્ષા ફી | અન્ય ફી | કુલ | | ડેસ્કોલર (વાર્ષિક) | હોસ્ટેલર (વાર્ષિક) | | |
| ૧ | સા.શૈ.પ.વ. | કુમાર કન્યા | રૂા.૬,૦૦૦ | રૂા.૫૦૦ | 0.00 | રૂા.૬,૫૦૦ | ગ્રૂપ-એ | રૂા.૩૫૦૦ | રૂા.૭૫૦૦ | રૂા. ૧.૦૦ લાખ | કોલેજો, (સરકારી ગ્રાન્ટ ઇન એઇડ) |
| | | | રૂા.૨,૫૦૦ | રૂા.૫૦૦ | 0.00 | રૂા.3,000 | ગ્રૂપ-બી | રૂા.૩૩૫૦ | રૂા.૫૧૦૦ | | |
| | | | રૂા.૧,૫૦૦ | રૂા.૫૦૦ | 0.00 | રૂા.૨,000 | ગ્રૂપ-સી | રૂા.૨૧૦૦ | રૂા.૪૦૦૦ | | |
| | | | રૂા.૧,000 | રૂા.૫૦૦ | 0.00 | રૂા.૧,૫૦૦ | ગ્રૂપ-ડી | રૂા.૧૬૦૦ | રૂા.૨૬૦૦ | | |
| | | ગ્રૂપવાર વધુમાં વધુ અથવા ખરેખર સરકારી શિક્ષણ ફી બે પૈકી ઓછી રકમ આપવાની થાય છે. | | | | | | નિભાવ ભથ્થુ વધુમાં વધુ ૧૦ માસ સુધી ફીક્સ કરેલ છે. | | | |

ફોર્મ સાથે જોડવાની પુરાવાની વિગત :

(૧) આવક નો દાખલો વર્ષ ૨૦૧૬-૧૭ નો ( મામલતદાર / તાલુકા વિકાસ અધિકારીશ્રી નો/સક્ષમ અધિકારીશ્રીનો)

(૨) છેલ્લે પાસ કરેલ પરીક્ષા ની માર્કશીટ / અભ્યાસક્રમમાં તુટ હોય તો તે અંગે એફીડેવિટ રજુ કરવાનુ રહેશે

(૩) ફી ની રસીદ

(૪) બેંક પાસબુકની પહેલા પાનાની ઝેરોક્ષ નકલ

(૫) હોસ્ટેલમાં રહેતા હોય તો તેનું પ્રમાણપત્ર-અરજીમાં નિયત નમુનાનું પત્રક ભરવું.

(૬) વિદ્યાર્થીના છેલ્લા શાળા છોડયાના સ્કુલ લીવીગ સર્ટીફીકેટની પ્રમાણીત નકલ

ઊક્ત સુચનાઓ ધ્યાને લઇ દિન ૧૫ માં દરખાસ્ત તેમજ ફોર્મ સહીત આપની કોલેજમાં શિષ્યવૃતિની કામગીરી સંભાળતા કર્મચારીએ રૂબરૂમાં અત્રેની કચેરીએ આવવાનું રહેશે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ,વડોદરા

નકલ સવિનય રવાના :
માન.નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર, તરફ જાણ સારૂ.

(૧) રજિસ્ટારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા
(૨) રજિસ્ટારશ્રી, પારૂલ યુનિવર્સિટી, વડોદરા
(૩) રજિસ્ટારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી, વડોદરા
(૪) રજિસ્ટારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ
(૫) રજિસ્ટારશ્રી, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
(૬) રજિસ્ટારશ્રી, સિગ્મા યુનિવર્સિટી, વડોદરા

આ પરિપત્ર અનુસંધાને જરૂરી કાર્યવાહી હાથ ધરવા સુચના આપવા તથા આપની વેબ સાઈટમાં ઓનલાઈન મુકવા સારૂ.